ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૮૫ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરમાં ગુરૂપૂર્ણિમાની શ્રધ્ધાપૂર્વક ઉજવણી

## ઠેર ઠેર પાદુકા પૂજન, ગુરુવંદના તથા મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા : ચંદ્રગ્રહણ હોવાથી બપોર પછી કેટલાક મંદિરો બંધ રહ્યા






ગાંધીનગર, તા.૨૭

ગાંધીગરમાં આજે પવિત્ર ગુરૂપૂર્ણિમા પર્વની શ્રધ્ધાપૂર્ણ ઉજવણી કરાઈ હતી અને શહેરના લગભગ તમામ મંદિરોમાં પાદુકા પૂજન, ગુરુપૂજન તેમજ મહાઆરતી અને મહાપ્રસાદ જેવા આયોજનો હાથ ધરાયા હતા. શહેરના તમામ રાજકીય પક્ષોના અગ્રણીઓએ મંદિરોની મુલાકાત લીધી હતી અને મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ પણ દર્શનાર્થે મંદિરોમાં ઉમટી પડયા હતા. જો કે આજે ચંદ્રગ્રહણ હોવાથી બપોર પછી એનેક મંદિરો બંધ રહ્યા હતા.

ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે શહેરના સે-૨૨ ખાતેના પંચદેવ મંદિરે મહંત પૂ. ફુલશંકર શાસ્ત્રીજીના સાંનિધ્યમાં સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા દરમિયાન 'વ્યાસ પાદુકા પૂજન'નું આયોજન કરાયું હતું. જેનો મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ લાભ લધો હતો. સેકટર-૧માં સમદર્શન આશ્રમ ખાતે ગુરૂપૂજન તથા ગુરૂવંદનાના કાર્યક્રમ યોજાયા હતા અને ગુરૂમા પૂ. સમાનંદ સરસ્વતીજીએ ભાવિકોને ગુરૂના વચનોને જીવનમાં ઉતારવાના આશીર્વચન પાઠવ્યા હતા. શહેરના સેકટર-૨૮માં દત્તમંદિરે દત્ત ભગવાન તથા પૂ. રંગ અવધૂત મહારાજની પાદુકા પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ભાવિકોએ ભગવાનને ફળફુલ-વસ્ત્ર-પ્રસાદી વગેરે અર્પણ કર્યા હતા. સે-૨૮માં જ બ્રહ્માકુમારીઝ ખાતે પૂ.કૈલાશદીદીએ શ્રધ્ધાળુઓને આશીર્વચન પાઠવ્યા હતા. ગાયત્રી શકિતપીઠ ખાતે પણ પરમ પૂજય ગુરુદેવ પંડિત રામ શર્મા આચાર્ય અને વંદનીય માતાજીનું પૂજન અર્ચન કરી પરિજનોએ સંકલ્પ લીધા હતા.

સેકટર-૩૦માં ઝુલેલાલ સાંઈબાબા મંદિર સિંધુધામ ખાતે પાદુકા પૂજન અને મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. અક્ષરધામ ખાતે પણ ગુરુપૂર્ણિમાની ઉજવણીનું આયોજન કરાયું હતું. જેમાં ગુરૂપાદુકા પૂજન સહિતના ધાર્મિક કાર્યક્રમો હાથ ધરાયા હતા. સે-૨૩માં સ્વામિનારાયણ મંદિરે ગુરૂપૂર્ણિમાના કાર્યક્રમમાં ગુરૂવંદના બાદ પૂ. હરિકેશવદાસજી મહારાજે ભાવિકોને આશીર્વચન પાઠવ્યા હતા જયારે સેકટર-૨માં સ્વામિનારાયણ મંદિર ખાતે પૂ. પી.પી. સ્વામી મહારાજે ભાવિકોને આશીર્વચન પાઠવ્યા હતા. ગાંધીનગરના સુપ્રસિધ્ધ ધોળેશ્વર મહાદેવ મંદિરે પણ ગુરુપૂર્ણિમા નિમિત્તે પાદુકા પૂજન સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા જયારે વાવોલના રામધામ ખાતે પૂ. મધુસુદનજી મહારાજની નિશ્રામાં ધ્વજાપૂજન, પાદુકા પૂજન, ગુરૂપૂજન તથા દિક્ષા સમારોહ યોજાયા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ દર્શન અને મહાપ્રલાદનો લાભ લીધો હતો.

### મહેસુલ મંત્રીએ પૂ. સુનીલ સાગરજીના આશીર્વાદ મેળવ્યા



સેકટર-૨૧માં જૈન દિગંબર મંદિરે ચાતુર્માસ કરવા પધારેલા પૂ. સનીલ સાગરજી મહારાજ સહિત સંઘ દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે રાજયના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ તથા અમદાવાદના પૂર્વ મેયર ગૌતમભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.



## ઉવારસદમાંથી ખુલ્લેઆમ જુગાર રમતા બે ઝડપાયા : બે ફરાર

ગાંધીનગર, તા.૨૭

અડાલજ નજીક આવેલા ઉવારસદ ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઇ રહ્યો હોવાની બાતમીના આધારે અડાલજ પોલીસે ગઈ કાલે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી.

અડાલજ પીઆઈ જે. જી. વાઘેલાની ટીમે ખાનગી બાતમીના આધારે ગઈકાલે ઊવારસદ ગામના ખાંટ વાસમાં દરોડો પાડયો હતો. ટીમને બાતમી મળી હતી કે ખાંટ વાસમાં ખુલ્લેઆમ કેટલાક શખ્સો ટોળું વળીને જુગાર રમી રહ્યા છે. પોલીસે દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ થઈ ગઈ હતી. પોલીસને જોઈને ૪ શકુનિઓ પૈકી બે શકુનિઓ ભાગી છૂટ્યા હતા. જ્યારે ઉવારસદ ગામના જ બે શખ્સો બાજી અને રોકડ રકમ સાથે પકડાઈ ગયા હતા. વરસાદ ગામના ખાંટ વાસ માં ખોડીયાર નગર ખાતે રહેતા કાળા રામસંગજી ઠાકોર અને ખાંટ વાસમાં રહેતા દિપક રામાજી ઠાકોર નામના બંને શખ્સોની અડાલજ પોલીસે જુગારધારાના ગુના હેઠળ ધરપકડ કરી લઈ તેમની પાસેથી રોકડ રૂ.૧૩,૮૩૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ તેમની સાથે જુગાર રમી રહેલા અન્ય બે શખ્સો જે ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા તે કોણ હતા તે અંગે પોલીસે પૂછપરછ કરતાં બંને જુગારીઓએ નિવેદનમાં પોલીસને પણ ચૂનો લગાવી દીધો હોય તેવું લાગી રહ્યું છે. બંને શકુનિઓએ પોલીસ સમક્ષ નિવેદન આપ્યું છે કે નાસી છૂટેલા બંને વ્યક્તિઓને તેઓ ઓળખતા જ નથી. નવાઈની વાત તો એ છે કે પોલીસને પણ આ જુગારીઓની વાત ગળે ઊતરી ગઈ છે.

## પાટીદાર ટ્રાવેલ્સની વાર્ષિક સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૭

પાટીદાર ટ્રાવેલ્સ પ્રાઈવેટ લિમીટેડની વાર્ષિક સાધારણ સભા આગામી તા. ૨૯ જુલાઈને રવિવારના રોજ સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૯ કલાકે યોજાશે. પાટીદાર ટ્રાવેલ્સ છેલ્લા ૧૦ વર્ષથી ઉચ્ચ ગુણવત્તાયુકત સર્વિસ પુરી પાડે છે. આ વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહેવા પાટીદાર ટ્રાવેલ્સ વતી હર્ષદરાય અને પ્રશાંત પટેલે અનુરોધ કર્યો છે.

## સેકટર-૮ ત્રંબકેશ્વર મંદિર ખાતે મોબાઈલ વાન ફિઝીયોથેરાપી નિઃશુલ્ક કેમ્પ યોજાશે

સેકટર-૮ વસાહત મંડળ, સી.એમ.પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, તબીબી અધિકારી સરકારી દવાખાનું સેકટર-૮ અને ત્રંબકેશ્વર મંદિર સેવા ટ્રસ્ટ સે-૮ના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦-૭-૨૦૧૮ થી ૩-૮-૨૦૧૮ સવારના ૯-૦૦ થી બપોરના ૧-૦૦ વાગ્યા દરમિયાન ત્રંબકેશ્વર મંદિર ખાતે પાંચ દિવસીય નિઃશુલ્ક મોબાઈલ વાન ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિઃશુલ્ક કેમ્પમાં નિષ્ણાંત-અનુભવી તજજ્ઞ ડોકટર્સ ટીમ દ્વારા સારવાર આપવામાં આવશે. વિના મૂલ્યે યોજાનારા પાંચ દિવસના આ કેમ્પમાં વા, કમરનો દુખાવો, ખભા, ગરદન, ઘુંટણ, સાંધાના દુખાવા, ઘુંટીનો દુખાવો, હાથ-પગ-મોઢાનો લકવો, બાળ લકવો, મંદ બુધ્ધિના બાળકોની સારવાર, મણકાનો ઘસારો, સીયાટીકા (રાંઝણ), ઓર્થોપેડીક, કાર્ડિયોલોજી, ન્યુરોલોજી, સર્જરી, બર્ન્સ, સ્પોર્ટસ ઈન્જરી વગેરે જેવા રોગોનુ નિદાન કરવામાં આવનાર છે. જેનો સેકટરના વસાહતીઓએ લાભ લેવા સેકટર-૮ વસાહત મંડળની અખબારી યાદીમાં જણાવાયું છે.

## રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૨૭

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૯ જુલાઈને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે યોગેશભાઈ.વી. વ્યાસ પ્લોટ નં-૭૨૨-૨ પંચશીલ સોસાયટી સેકટર-૨૧ ખાતે લઘુરૂદ્ર મહાપ્રસાદ સાથે યોજાશે. ભગવાન આશુતોષની આરાધનામાં તમામ સભ્યોને હાજર રહેવા મહામંત્રી બી.ડી.શર્માએ અનુરોધ કર્યો છે.

## @ગાંધીનગર

● રાજપુત સમાજ ભવન સેકટર-૧૨ ખાતે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

● ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતે તાલીમ લઈ રહેલા બિન હથિયારી પીએસઆઈ એએસઆઈનો દિક્ષાંત પરેડ સમારોહ ગૃહમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સવારે ૮ કલાકે યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે હિંડોળા પ્રારંભ થતા અષાઢ વદ-૧ના રોજ સુરંગના હિંડોળાના દર્શન સાંજે પથી ૫.૩૦ કલાક દરમિયાન થશે.

## સરકારી વિજ્ઞાન કોલેજ સે-૧૫ ખાતે વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજમાં



તાજેતરમાં વિદ્યાર્થીનીઓ માટે 'આત્મરક્ષા' અંગે વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં ૭૦ વિદ્યાર્થીનીઓને શિફુજી ભારદ્વાજના અનુયાયી અનુરાગ દૂબે તથા તેમની ટીમ દ્વારા સેલ્ફ ડિફેન્સના વિવિધ દાવ-પેચ શિખવાડવામાં આવ્યાં હતા. આ ઉપરાંત મહિલા સુરક્ષા માટેની ૧૮૧ 'અભયમ્' હેલ્પલાઈનના કાઉન્સિલર ભાવિકાબેન દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

સરકારી વિજ્ઞાન કોલેજના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા મહિલા સશક્તિકરણ અંતર્ગત યોજવામાં આવેલ વર્કશોપમાં વિદ્યાર્થીનીઓને શારિરીક દાવપેચ દ્વારા આત્મરક્ષા કરવાની તાલીમ અપાઈ હતી. આ સાથે તેમને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ અભયમ હેલ્પલાઈનના કાઉન્સિલર દ્વારા પુરૂ પાડવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાપાએ પણ વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણ માટે માર્ગદર્શિત કરી હતી. કાર્યક્રમની સફળતા માટે ડૉ. આડેદરા તથા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદાએ સહયોગ પુરો પાડ્યો હતો.

## નિસર્ગ સાયન્સ ખાતે નેશનલ સાયન્સ સેમિનારની જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સે-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે આજે જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો હતો. આ સ્પર્ધામાં જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

નેશનલ સાયન્સ સેમિનાર અંતર્ગત યોજાયેલ

**સ્પર્ધાના વિજેતાઓ**

- પ્રથમ - ક્રિશ પટેલ, સેંટ ઝેવિયર્સ સ્કુલ, સે-૮
- દ્વિતીય - તિર્થ પટેલ, હિલવુડસ સ્કુલ, સે-૨૫
- તૃતીય - વિધી સુથાર, જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે-૭

જિલ્લા કક્ષાની સ્પર્ધાના કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે નિવૃત્ત અધિક વન સંરક્ષક હેમંત સુથાર, જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકર તથા નિસર્ગ સાયન્સના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષની નેશનલ સાયન્સ સેમિનારની થીમ 'ઈન્ડસ્ટ્રીયલ રિવોલ્યુશન ૪.૦ : આર વી પ્રિપેડ?' રાખવામાં આવી છે જે અંતર્ગત વિદ્યાર્થીઓને ૪.૦ ઔદ્યોગિક ક્રાંતિ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. હેમંત સુથારે વિદ્યાર્થીઓને ચાર્ટ-પીપીટી પ્રેઝન્ટેશન વડે સમય મર્યાદામાં અસરકારક રજુઆત કરી શકાય તેની વિગતવાર સમજ આપી હતી. જયારે નરેશ ઠાકરે વિદ્યાર્થીઓને ઔદ્યોગિક ક્રાન્તિ દ્વારા




દુનિયામાં થતા ફેરફારો અંગે રસપ્રદ ચર્ચા કરી હતી. આ સ્પર્ધામાં જિલ્લાના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિષયને અનુરૂપ પોતાના વિચારો વ્યકત કર્યા હતા.

## શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મંગળવારે એનસીસી-સી કેડેટ્સ એકઠા થશે

ગાંધીનગર, તા.૨૭

એન.સી.સી.-સી સર્ટિફિકેટના ગુજરાત સરકારની તમામ ભરતીઓમાં ૫ ગુણ ઉમેરવા અંગે જે તે સમયે મંત્રીકક્ષાએથી વર્ષ -૨૦૧૭માં જાહેરાત કરવામાં આવી હતી. જેને અનુલક્ષી અત્યારે હાલના સમયે પણ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જેથી આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવે તે માટે ૪૦૦ થી વધુ પૂર્વ એન.સી.સી. કેડેટ્સ દ્વારા તા. ૩૧ જુલાઈને મંગળવારના રોજ રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર આપવા માટે સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થશે તેમ મિતરાજસિંહ જાડેજાએ જણાવ્યું છે.

## જિલ્લા કક્ષાના કલા મહાકુંભમાં બાળકોએ વિવિધ કૃતિઓ રજૂ કરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા કક્ષાના કલા મહાકુંભનું આયોજન આજનરોજ ઓમલેન્ડ સ્કુલ, મોટા ચિલોડા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી સતીશ પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

કાર્યક્રમને ખુલ્લો મુકીને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તીઓના કમિશનર શ્રી સતીશ પટેલે કલા મહાકુંભ પાછળના રાજય સરકારના ઉમદા આશયની વાત કરતાં જણાવ્યું હતું, કલા મહાકુંભ થકી વિવિધ વ્યક્તિઓને પોતામાં રહેલી કલાને ઉજાગર કરવાનું એક સ્ટેજ મળે છે. ચાલું વર્ષે સમુહ લગ્ન ગીત/ફટાણા, કુચિપુડી, સરોદ, સારંગી, જોડીયાપાવા, રાવણહથ્થો અને ભવાઈ એમ સાત નવી કૃતિઓનો ઉમેરો કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષમાં કુલ- ૨૯ કૃતિઓમાં ૬ થી ૬૦ વર્ષથી ઉપરના સીનીયર



સિટીઝન્સ અલગ અલગ કૃતિઓમાં પોતાની વય જુથમાં ભાગ લીધો છે. આ વર્ષથી કલા મહાકુંભનું રજીસ્ટ્રેશન ઓનલાઈન અને ઓફલાઈન બન્ને રીતે કરવામાં આવ્યું છે.

કમિશનર શ્રી સતીશ પટેલ અને મહાનુભાવોએ બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલી વિવિધ કૃતિઓને મનભરી માંડી હતી. બાળકો દ્વારા પણ મનમુકી પોતાની કૃતિઓ રજૂ કરી સર્વ લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ પ્રસંગે રમત ગમત અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના અધિકારી ડૉ. અશોકભાઈ રાવલ અને એ.વી.વાઢેર, જિલ્લા રમતગમત અધિકારી વી.બી.દત્તા, ડી.એસ.ઓ આર.પી. ચૌધરી, ઓમ લેન્ડ સ્કુલના આચાર્ય સહિત બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગાંધીનગર ડેપોમાં ગ્રામ્ય વિસ્તારની બસોનુ સંચાલન શરૂ કરવા પ્રબળ માંગ

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર એસ ટી ડેપોમાંથી દાયકાઓના અંતે પણ ગ્રામ્ય વિસ્તારની બસોનુ સંચાલન થતુ નથી. શહેરી બસ સેવા તેમજ પોઈન્ટની બસો દોડે છે. પરંતુ જિલ્લાના વિવિધ ગામોને જોડતી બસ સેવા ઉપલબ્ધ થતી નથી. ડેપોને ગ્રામ્ય વિસ્તારનુ સંચાલન પણ સોંપવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. રાજયના અન્ય શહેરોમાં એસ ટી ડેપોને સુવિધાસભર અને આધુનિક બનાવામાં આવી રહયા છે. જયારે પાટનગરનુ એસ ટી ડેપો હજુ કંગાળ હાલતમાં જોવા મળી રહયુ છે. આવા સંજોગોમાં એસ ટી ડેપોમાં ગ્રામ્ય વિસ્તારની બસ સેવાના નામે મીંડુ છે. હાલ ગાંધીનગર ડેપોમાંથી શહેરી બસ સેવા ઉપરાંત પોઈન્ટના બસની સેવાનુ સંચાલન કરવામાં આવે છે. જયારે એસ ટી ડેપો સંકુલમાં ગ્રામ્ય વિસ્તારનુ અલાયદુ સ્ટેન્ડ છે. જયાંથી અમુક રૂટની વાયા બસ સેવા ઉપલબ્ધ થાય છે. પરંતુ જિલ્લાના વિવિધ ગામોને જોડતી બસ સેવાના નામે મીંડુ છે. લાંબા સમયથી એસ ટી ડેપોમાં ગાંધીનગર જિલ્લાને જોડતી વિવિધ રૂટની બસ સેવા શરૂ કરવા માટે પ્રબળ માંગ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી પણ આ દીશામાં કોઈ આયોજન થયુ નથી. જેના પરિણામે સ્થાનિક અપડાઉન કર્તાઓને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવાને અનુલક્ષી રૂટમાં આવતા કેટલાક ગામોમાં જવા માટે બસ સેવા ઉપલબ્ધ થાય છે પરંતુ જિલ્લાના અન્ય ગામોમાં જવા માટે નાગરિકોએ ખાનગી વાહનો તેમજ વાયા દોડતી બસ સેવા પણ માંડ મળે છે. આવા સંજોગોમાં ગાંધીનગર એસ ટી ડેપોને ગ્રામ્ય વિસ્તારની બસોનુ સંચાલન સોંપવામાં આવે તેવી પણ માંગ પ્રબળ બની છે.

કલોલ ,માણસા અને દહેગામથી ગ્રામ્ય વિસ્તારની બસો દોડે છે. પરંતુ ગાંધીનગરથી જિલ્લાના વિવિધ ગામોમાં જવા માટે બસ સેવા સમયસર મળતી નથી. ત્યારે ગાંધીનગર ડેપોમાંથી માત્ર શહેરી બસ સેવા તેમજ પોઈન્ટની બસો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની બસોનુ પણ સંચાલન કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ચક્ષુદાન મહાદાન

ગાંધીનગર, તા.૨૭

રાંદેસણ, સ્વામીનારાયણ પ્રેસીડન્સી ખાતે રહેતા ચંદ્રકાન્ત જેશંકર પંડયાનું ૮૭ વર્ષની વયે અવસાન થતા તેમના કુટુંબીજન હરેશ ચંદ્રકાન્ત પંડયાની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું.

જુનિયર સિટીઝન કાઉન્સિલના આ સેવા કાર્યમાં ડૉ. મેઘા પટેલ તથા જુસીકાના કાર્યકર દિલીપ દંતાણીએ સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુ બેંક ખાતે રાજુ વાઘેલાએ પહોંચાડયા હતા.

## ચિરવિદાય

- સ્વ. ચંદ્રકાન્ત જયશંકર પંડયા, ઉ.વ. ૮૭
- સ્વ. શકરીબેન કેશાભાઈ પટેલ, ઉ.વ. ૬૫